# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રીના જીવનચરિત્ર પર આધારિત 'નમોત્સવ' કાર્યક્રમને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ભારતના આત્મવિશ્વાસની યાત્રા રૂપ ગણાવ્યો**
2. **અમદાવાદ ખાતે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત મહાસંમેલનમાં મુખ્યમંત્રીએ સરદાર પટેલને રાષ્ટ્રસેવાના પ્રેરણા-પુરુષ લેખાવ્યાં.**
3. **વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે વાવ- થરાદ જિલ્લામાં 54 કરોડ રૂપિયાથી વધુના વિકાસ કાર્યોનું ખાતમુર્હુત અને લોકાર્પણ કરાયું.**
4. **31મી ડિસેમ્બર અગાઉ અરવલ્લી જીલ્લાની બોર્ડર પર પોલીસ ખડેપગે.**
5. **મહિલા અંડર-19 વન-ડે ટ્રોફીમાં ગુજરાતે ઉત્તરાખંડને 8 વિકેટે હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# HM SHAH –NAMOTSAV

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત  શાહે જણાવ્યુ કે, નમોત્સવ એક વ્યક્તિની નહીં પરંતુ ભારતના આત્મવિશ્વાસની યાત્રા છે.

શ્રી શાહે, અમદાવાદના મણિપુર ખાતે આયોજિત નરેન્દ્ર મોદીના જીવનચરિત્ર પર આધારિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શો 'નમોત્સવ' કાર્યક્રમને ખુલ્લો મુકતા જણાવ્યુ હતું.

અમદાવાદમાં ૧૫૦ કલાકારો દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન, વિચાર અને રાષ્ટ્રનિર્માણની યાત્રાને નમોત્સવ દ્વારા રજૂ કરવામાં આવી છે.

## BYTE: AMIT SHAH

આ કાર્યક્રમમાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત રાજકીય અને સામાજિક અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું, 2027 સુધીમાં ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનશે. અમદાવાદમાં વિશ્વ ઉમિયા ધામ ખાતે યુવા બિઝનેસ મહાસંમેલનમાં સંબોધન કરતાં શ્રી શાહે કહ્યું, દેશનું **GDP** 4.19 ટ્રિલિયન ડોલરે પહોંચ્યું છે. ટૂંક સમયમાં જ ભારત 5 ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનશે.

તેમણે ઉમેર્યું, વર્ષ 2024-25માં વિશ્વના 50 ટકા ડિઝિટલ નાણાકીય વ્યવહાર ભારતમાં થયા છે.

## બાઇટ: AMIT SHAH - GDP

## CM-PATEL SAMMELLAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ ખાતે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા આયોજિત મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતાં. મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે, સરદાર પટેલ આપણા માટે માત્ર ઇતિહાસ-પુરુષ નહિ, પરંતુ સમાજસેવાથી રાષ્ટ્રસેવાની દિશા આપનારા પ્રેરણા-પુરુષ છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે, ગૌરક્ષા અને કાયદો-વ્યવસ્થા અંગે વાત કરતા જણાવ્યું કે, ગુજરાત આજે ગૌહત્યાના ગુનામાં આજીવન કેદની સજા ફટકારનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું છે.

મહાસંમેલન અંતર્ગત નવા ભાજપ પ્રદેશ પ્રમુખ તથા રાજ્ય સરકારના નવનિયુક્ત મંત્રીઓનો અભિવાદન સમારંભ યોજાયો હતો.

## SHANKAR CHAUDHRI LOKARPAN

વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે વાવ-થરાદ જિલ્લામાં વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરાયું હતું.

અધ્યક્ષના હસ્તે શિક્ષણ, આરોગ્ય, વીજળી અને માર્ગ- રસ્તા સહિતના કુલ ૫૪ કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું, જેના

કારણે જિલ્લાના ગ્રામ્ય તથા સરહદી વિસ્તારમાં સર્વાંગી વિકાસને નવી ગતિ મળશે.

## RISHIKESH PATEL -JUNAGADH

ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલે જૂનાગઢમાં ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર્સ એસોસિયેશનના ૨૭માં ત્રિ-વાર્ષિક અધિવેશનમાં ભાગ લીધો. આ પ્રસંગે સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે, ગુજરાત વીજ ઉત્પાદનમાં દેશભરમાં ટોચના સ્થાને છે.

શ્રી પટેલે વીજ ઇજનેરો અને કર્મચારીઓની કામગીરીને બિરદાવી હતી. તેમણે વીજક્ષેત્રમાં કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને હાઈડ્રોજન ફ્યુલ, રિન્યુએબલ એનર્જી સહિતના વીજક્ષેત્રના નવા આયામો પર પ્રકાશ પાડ્યો હતો.

## બાઇટ- ઋષિકેશ પટેલ, ઉર્જા મંત્રી

## GOVERNOR- KHEDA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ખેડા જિલ્લાના માતર તાલુકાના દેથલી ગામે રાત્રી સભા યોજાઈ હતી.

આ પ્રસંગે રાજ્યપાલે જણાવ્યું કે, પ્રકૃતિના સંરક્ષણ થકી ઈશ્વરની ઊભી કરેલી વ્યવસ્થામાં સહયોગ આપવો એ જ સાચી પૂજા છે. તેમણે વૃક્ષારોપણ, સ્વચ્છતા, શિક્ષા, કેળવણી, પ્રાકૃતિક ખેતી, પશુપાલન અને સામાજિક સમરસતા વિશે સંવાદ કર્યો હતો.

રાજ્યપાલના હસ્તે પી.એમ.જે.વાય.આયુષ્માન કાર્ડ, ગંગા સ્વરૂપા વિધવા સહાય યોજના અને વૃદ્ધ સહાય યોજનાના લાભનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

## ARVALLI POLICE ALERT MODE

એકત્રીસમી ડિસેમ્બરને લઈને અરવલ્લી પોલીસ એલર્ટ બની છે. અરવલ્લી જિલ્લા સહિત રાજ્યમાં પ્રોહીબિશન સહિત ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવા પોલીસ એક્શન મોડમાં આવી છે.

અરવલ્લી જિલ્લામાં ગુજરાત-રાજસ્થાનની 10 જેટલી આંતરરાજ્ય બોર્ડર અને 48 નાકા પોઇન્ટ ઉભા કરાયા છે, જ્યાં પોલીસની તમામ ટિમ બ્રેથ એનેલાઈઝર સાથે વાહન ચેકીંગ કરતી નજરે પડે છે.

પોલીસ દ્વારા અગત્યના પોઇન્ટ પર સીસીટીવી અને ડ્રોન કેમેરા દ્વારા સર્વેલન્સ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા પોલીસ વડાની દેખરેખમાં **4 DYSP, 19 PI, 31 PSI, 211** પોલીસ કર્મીઓ, અને **64 SRP** સહિત **432** સુરક્ષા કર્મીઓનો બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યો છે.

## બાઇટ: જે. ડી. વાઘેલા, DY.SP, અરવલ્લી

## DANG ARREST

ડાંગ જીલ્લાની સાપુતારા પોલીસે આંતરરાજય ઘરફોડ ચોરી કરતી ગેંગને ઝડપી પાડી, રોકડ અને મુદ્દામાલ જપ્ત કર્યો. મહારાષ્ટ્ર તરફથી આવતી એક સફેદ રંગની હ્યુન્ડાઈ ક્રેટા કારને અટકાવવામાં આવી હતી.

ચેકિંગ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિ જણાતાં તપાસ કરવામાં આવી, જેમાં ઘરફોડ ચોરીમાં ઉપયોગમાં લેવાતા સાધનો, રોકડ રકમ અને કિંમતી સામાન મળી આવ્યો હતો. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી ત્રણ આરોપીઓને ઝડપી લીધા, જ્યારે બે આરોપીઓ ફરાર થતા તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પકડાયેલા આરોપીઓ પાસેથી તથા કારની તપાસ દરમિયાન કુલ રૂપિયા **5** લાખથી વધુની રોકડ રકમ, ચાંદીના દાગીના, મોબાઇલ ફોન, ઘરફોડમાં ઉપયોગી લોખંડની કોશ, માસ્ક અને અન્ય સાધનો સહિત અંદાજે રૂપિયા **20** લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

# SURENDRANAGAR DEMOLITION

સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલાના નાયબ કલેક્ટર એચ ટી મકવાણા અને તેમની ટીમે ચોટીલા રાજકોટ હાઇવે ઉપર ખેરડી ગામે નેશનલ હાઇવે ઉપર સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બાંધકામ તોડી પાડ્યા હતા.

ગેરકાયદે ઉભી કરાયેલી ત્રણ હોટલો, સાત દુકાનો, એક બંગલો, ઘોડાસર વિગેરે તથા વીર વછરાજ હોટલ ,ત્રણ દુકાનો વિગેરે તથા પટના બિહાર બલવીર હોટલ સહિતના ગેરકાયદે બાંધકામો ઉપર બુલડોઝર ફેરવી તોડી પાડવામાં આવેલ છે અને 28 કરોડ 24 લાખ રૂપિયાથી વધુની સરકારી જમીન ખુલ્લી કરાઇ હતી.

# WEATHER

આગામી ચાર દિવસ દરમિયાન રાજ્યના લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય જોકે ત્યારબાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં નોંધાયેલા લઘુતમ તાપમાનની વાત કરવામાં આવે તો, 10 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ શહેર બન્યું છે. જ્યાર દાહોદમાં 11 ડિગ્રી, ગાંધીનગર અને ડીસામાં 12.8 અને અમદાવાદમાં 14.8 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું છે.

# GUJARAT WOMENT CRICKET WIN

ભારતીય ક્રિકેટ કંટ્રોલ દ્વારા આયોજિત મહિલા અંડર-19 વન ડે ટ્રોફી એલિટ ગ્રૂપમાં પૂણે ખાતે ગુજરાત અને ઉત્તરાખંડ વચ્ચે ક્વાર્ટર ફાઇનલ મેચમાં ગુજરાતે ઉત્તરાખંડને 8 વિકેટે હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

પૂણેના ડેક્કન જિમખાના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે મહિલા અંડર-19 વનડે ટ્રોફી એલિટ ગ્રૂપની ક્વાર્ટર ફાઇનલ મેચમાં ઉત્તરાખંડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરી હતી. ઉત્તરાખંડની ટીમ 40.4 ઓવરમાં 110 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

ઉત્તરાખંડના 111 રનના લક્ષ્યાંકને પાર પાડવા ગુજરાતની ટીમ મેદાનમાં ઉતરી હતી. જેમાં ગુજરાતની ટીમે 23.4 ઓવરમાં 2 વિકેટ ગુમાવીને 114 રન બનાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

# MORBI - STATE-LEVEL YOUTH FESTIVAL

મોરબીમાં રાજ્યકક્ષાના યુવા મહોત્સવનાં બીજા તબક્કકામાં ૬ હજાર સ્પર્ધકોએ ૩૪ જેટલી સ્પર્ધાઓમાં ભાગ લીધો. મહોત્સવના બીજા દિવસે વક્તૃત્વ, એકપાત્રીય અભિનય, સર્જનાત્મક કારીગરી અને કથક સહિતની ૨૯ સ્પર્ધાઓ યોજાઇ હતી.

રાજ્યમાંથી આવેલા સ્પર્ધકો માટે મોરબી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીએ તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરી હતી

---------------------------------------------------------------------------